## ‘ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ ’ ૫૮ શાસ્ત્રગ્રંથોના સર્જક–સંપાદક
## જૈનશાસનના મહાન જ્યોતિર્ધર

# પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

મહાન ધર્મધુરંધર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના પુણ્યનામથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હશે ! પૂજ્ય સૂરીશ્વરજી પોતાની તપશ્ચર્યાથી, અપ્રતિમ શાસનરાગથી, અસાધારણ વિદ્વત્તાથી, હૃદયંગમ વાક્કૌશલથી, રસમધુર કવિત્વશક્તિથી, વત્સલ પ્રકૃતિથી અને સુદીર્ઘ સંયમપર્યાયથી જૈન–જૈનેતર સમાજમાં આદરણીય સ્થાન પામ્યા હતા. તેમ જ પોતાના સંપાદિત કરેલા વિદ્વત્તાપૂર્ણ શાસ્ત્રગ્રંથોથી વિદ્વદ્વર્ગમાં પણ અત્યંત પ્રતિષ્ઠા પામ્યા હતા. તેઓશ્રીનો જન્મ ઉત્તર ગુજરાતમાં ભોયણીજી તીર્થની નજીક આવેલા બાલશાસન નામના નાનકડા ગામમાં થયો હતો. પિતા પીતાંબરદાસ અને માતા મોતીબહેનને ત્યાં સં. ૧૯૪૦ના પ્રથમ પોષ સુદ ૧૨ને શુભ દિવસે અવતર્યા. માતાપિતાએ વહાલસોયા બાળકનું નામ લાલચંદ રાખ્યું. માતાપિતાના ધાર્મિક સંસ્કારો અને બાલ્યવયથી સાધુ–સાધ્વીજીઓના સહવાસને લીધે લાલચંદમાં વૈરાગ્યભાવ જાગ્યો હતો. આગળ જતાં, શ્રી જિનેશ્વરદેવોએ પ્રબોધેલો માર્ગ જ સંસારની માયામાંથી મુક્તિ અપાવવા સમર્થ છે એમ સ્વીકારીને માત્ર ૧૯ વર્ષની ભરયુવાન વયે બાલબ્રહ્મચારી પ્રાતઃસ્મરણીય પૂ. આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી લબ્ધિવિજયજી નામે ઘોષિત થયા.

દીક્ષા ગ્રહણ કરીને ‘ હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને ’ એ સનાતન વચનને સાર્થક કરી બતાવ્યું. સતત સ્વાધ્યાયપરાયણતા, અપૂર્વ ઉત્સાહ, અવિહક પુરુષાર્થ, ગુરુસેવા, સ્વ-પર કલ્યાણની ભાવના – આ સર્વ ગુણોને કારણે તેઓશ્રી ટૂંક સમયમાં બહુશ્રુત વિદ્વાન તરીકે સિદ્ધ થયા. વળી, તેઓશ્રી શાસનના કુશળ મુનિરાજ, ન્યાયમાં નિપુણ અને જપ–તપ–ધ્યાનમાં સમર્થ આરાધક તરીકે સફળ બનવા લાગ્યા. તેઓશ્રીના ગહન જ્ઞાનનો પરિચય તેમણે સંપાદિત કરેલા ‘ દ્વાદશાર નયચક્ર ’ ગ્રંથના ચાર ભાગમાંથી મળી આવે છે. આ ગ્રંથનું પ્રકાશન દાદરના જૈન જ્ઞાનમંદિરના ઉપક્રમે ઉપરાષ્ટ્રપતિશ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનના શુભ હસ્તે થયું હતું અને તે વખતે પૂ. સૂરીશ્વરજીએ ગીર્વાણગિરા–સંસ્કૃતમાં વક્તવ્ય આપીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પૂજ્યશ્રી વક્તૃત્વશક્તિમાં પણ પારંગત હતા. સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી અને ગુજરાતી પર એકસરખું પ્રભુત્વ ધરાવતા હતા. તેઓશ્રીમાં વિદ્વત્તા અને કવિત્વનો સુભગ સમન્વય થયો હતો, તેથી તેમનાં પ્રવચનો સાંભળવા અસંખ્ય ભાવિકો એકત્રિત થતા હતા. ઈડરના શ્રીસંઘે સં. ૧૯૭૧માં પૂજ્યશ્રીને ‘ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ ’ના માનવંતા બિરુદથી અલંકૃત કર્યા હતા; જ્યારે પંજાબી જૈનસમાજ તેઓશ્રીને ‘ છોટે આત્મારામજી ’ના હુલામણા નામે સંબોધતો હતો. ૨૬–૨૭ વર્ષની ભરયુવાન વયે મુલતાન જેવા અનાર્ય પ્રદેશમાં વિચરીને સુંદર છટાથી, નીડરતાપૂર્વક, બુલંદ અવાજે, ગામડે ગામડે જાહેર પ્રવચનો આપ્યાં હતાં; જેના પરિણામે સેંકડો માંસાહારીઓએ માંસાહારનો ત્યાગ કર્યો હતો. પંજાબ, ઉત્તર પ્રદેશ,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

બિહાર, બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન આદિ સર્વ પ્રાન્તોમાં વિહાર કરીને વીરપ્રભુના અહિંસાદિનો ઉપદેશ આપ્યો હતો. હિંસકને અહિંસક, દુરાચારીને સદાચારી, સ્વચ્છંદીને સંયમી બનાવવાના ભગીરથ પ્રયત્નો કર્યા હતા. પૂજ્યશ્રી આ કાર્યોમાં અવિરત ઉત્સાહ દર્શાવતા. પ્રજાજીવનમાં અહિંસા, સંયમ, ત્યાગ, નીતિ, તપશ્ચર્યા અને સદાચારના ગુણો પ્રગટે–વિકસે તેની કાળજી રાખતા હતા.

પૂજ્યશ્રી ખ્યાતનામ કવિ હતા. તેઓશ્રીની અગણિત કાવ્યકૃતિઓ સરળ અને સુંદર હોવાને લીધે એટલી લોકપ્રિય નીવડી કે આજે પણ મહાનગરોનાં મહાન જિનાલયોથી માંડીને નાનાં ગામડાંનાં આબાલવૃદ્ધ નરનારીઓના કંઠે ગવાતી સંભળાય છે. આ રચનાઓને તેઓશ્રીના ભક્તો દ્વારા એક લાખ પુસ્તકો દ્વારા પ્રસારવામાં આવી છે. અને છતાં આ પુસ્તકોની માંગ સતત ચાલુ જ હોય છે! આવા અસાધારણ પ્રભાવને લીધે તેઓશ્રી ‘કવિકુલકિરીટ’ના નામે ઓળખાય છે. પૂજ્યશ્રીએ રચેલાં સંસ્કૃત, ગુજરાતી, હિન્દી ભાષામાંનાં ગીતોની સંખ્યા ત્રણ હજાર ઉપર થવા જાય છે. આ ભક્તિગીતોમાંના ભાવ અને હૃદયસ્પર્શી લય એટલા તો સુંદર હોય છે કે આ ભક્તિગીતોના પ્રભાવથી કેટલાક પુણ્યાત્માઓએ સંયમજીવન સ્વીકારવાનો નિર્ણય કર્યાનાં દૃષ્ટાંતો બન્યાં! ૫૮ વર્ષના સુદીર્ઘ દીક્ષાપર્યાયમાં પૂજ્યશ્રીએ અનેક નાનામોટા, ગદ્ય–પદ્યના, ગુજરાતી, હિન્દી, ઉર્દૂ અને સંસ્કૃત ભાષામાં, લોકોપયોગી તથા વિદ્વદ્ભોગ્ય ગ્રંથોનું નિર્માણ, સંકલન અને સંપાદન કરીને સાહિત્યની અજોડ સેવા કરી છે. તેઓશ્રીને અનેક વાર અન્ય દાર્શનિકો સાથે વાદ–વિવાદ કરવાના પ્રસંગો ઉપસ્થિત થયા હતા. તેમાં પણ પૂજ્યશ્રીએ દરેક વખતે વિજય પ્રાપ્ત કર્યો હતો. કુશાગ્ર બુદ્ધિ, તીક્ષ્ણ તર્કશક્તિ અને અદ્ભુત વાક્ચાતુર્યથી તેઓશ્રી પ્રતિસ્પર્ધીને પરાસ્ત કરતા. નરસંડામાં આર્યસમાજીઓ સાથે વિવાદમાં મૂર્તિપૂજાની સાર્થકતા સિદ્ધ કરી હતી. ખંભાત પાસેના વટાદરા ગામમાં મુકુન્દ્રાશ્રમ નામના સંન્યાસીએ સનાતનીઓ સાથે વેદ વિષયક શાસ્ત્રાર્થ ચલાવ્યો ત્યારે પૂજ્યશ્રીએ ‘વેદ હિંસાવાદી છે, અને જૈનધર્મ દયામય છે’ એમ પ્રતિપાદિત કરી આપ્યું હતું. પંજાબમાં તો અનેક સ્થળોએ વાદ–વિવાદના પ્રસંગો ઉપસ્થિત થયા હતા. અને દરેક વખતે પૂજ્યશ્રીએ વિજય મેળવ્યો હતો! જેમ કવિત્વપણાથી તેમ વાદવિજયમાં પણ આઠ પ્રભાવકોમાં ગણના થાય છે, એ પૂજ્યશ્રીને વરેલી સિદ્ધિ પણ અવિસ્મરણીય છે.

જૈનશાસનની પ્રભાવના કરવા માટે પૂજ્યશ્રીએ ઠેર ઠેર જૈનમંદિરોની પ્રતિષ્ઠાઓ, ઉદ્યાપનો, ઉપધાનો, છ'રી પાળતા સંઘો, દીક્ષાઓ, પદપ્રદાનો, સાધર્મિક વાત્સલ્ય તથા અન્ય મંગલકારી મહોત્સવો મોટી સંખ્યામાં કરાવ્યા હતા. ઘણીવાર વિપરીત સ્થિતિમાં અડગ રહીને, સિંહગર્જના કરીને, વિજય પ્રાપ્ત કરીને આચાર્યપદ શોભાવ્યું હતું. સતત સ્વાધ્યાય અને તપશ્ચર્યા પૂજ્યશ્રીનો ઉત્તમ ગુણ હતો. તેથી જ તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્ય સમુદાયમાં વિદ્વાન, કવિઓ, વક્તાઓ મોટી સંખ્યામાં છે. પૂજ્યશ્રીની પાટે આઠ–આઠ આચાર્યો વિચરી રહ્યા છે, જેમાં દક્ષિણદેશોદ્ધારક શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનું નામ મોખરે છે. પૂજ્યશ્રીનું



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જીવન ભવ્ય હતું, તેમ તેઓશ્રીની અંતિમ યાત્રા પણ ભવ્ય બની હતી. એકાદ લાખ માણસોની અશ્રુભીની આંખોએ પૂજ્યશ્રીને ઐતિહાસિક વિદાય આપી તે પ્રસંગે ઠેર ઠેર ગુણાનુવાદ-સભાઓ અને ઉત્સવો થયા હતા. મુંબઈમાં તારદેવના પ્રખ્યાત ચોકનું (નવજીવન સોસાયટી પાસે) 'આચાર્ય લબ્ધિસૂરીશ્વરજી ચોક' નામકરણ કરીને ઋણ અદા કરવાનો વિનમ્ર પ્રયત્ન થયો છે. તો, પૂજ્યશ્રીની જન્મભૂમિ–બાલશાસન–ને 'લબ્ધિનગર' નામ આપવાનો સ્તુત્ય નિર્ણય લેવાયો છે. આમ, અનેક ક્ષેત્રોમાં અમાપ પ્રભાવના દ્વારા જિનશાસનમાં શાશ્વત સ્થાનના અધિકારી આચાર્યભગવંતનું નામ સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે. એવા એ મહાન સૂરીશ્વરજીને કોટિ કોટિ વંદન!

(સંકલન : પૂ. આ. શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મહારાજ)

## દક્ષિણ ભારતના પ્રથમ પ્રવાસી, ઉગ્ર વિહારી ગૌરવશાળી શાસનપ્રભાવક સૂરિવર

# પૂ. આચાર્યશ્રી વિજયગંભીરસૂરીશ્વરજી મહારાજ

યથાનામ ગુણધારક, પ્રભાવશાળી વ્યક્તિત્વના સ્વામી, વિશુદ્ધ સાધુતાના કર્મઠ આરાધક પૂ. આચાર્યદેવશ્રી ગંભીરસૂરીશ્વરજી મહારાજનું સંસારી વતન ભવ્ય ભોયણીતીર્થ પાસે આવેલું શોભાસણ ગામ હતું. તેમનો જન્મ સં. ૧૯૫૦માં થયો હતો. તેમનું સંસારી નામ ઉમેદચંદ-ભાઈ હતું. મહાપુરુષનો સમાગમ મામૂલી માનવને મહાન બનાવી દે છે. સંત સામાન્ય માનવીમાં વસંત બની મહેકે છે. ઉમેદચંદના જીવનમાં પણ આવો ધન્ય પ્રસંગ બની ગયો. માણસામાં પૂ. આ. શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ ચાતુર્માસ સ્થિત હતા. ભાઈ ઉમેદચંદ ચોમાસા દરમિયાન ત્યાં રહ્યા. પૂ. ગુરુદેવશ્રીનો સંસર્ગ થયો અને અનેક દિલમાં વિરાગનો ચિરાગ પ્રગટ્યો. પૂજ્ય ગુરુદેવ ચાતુર્માસ પૂર્ણ થયે પંજાબ તરફ વિહાર કરી ગયા; પરંતુ ઉમેદચંદભાઈના હૃદયમાં પડેલું વૈરાગ્યબીજ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતું રહ્યું. એક વાર તેઓ સિદ્ધાચલ તીર્થની યાત્રા કરવા ગયા. જે ધર્મશાળામાં ઊતર્યા હતા ત્યાં એક પંજાબી શ્રાવક યાત્રાર્થે આવ્યા હતા. તેમનો પરિચય થયો અને પૂ. ગુરુદેવશ્રી કમલસૂરિજી યાદ આવી ગયા. પંજાબી શ્રાવકને પૂછ્યું કે, 'ગુરુદેવશ્રી ક્યાં બિરાજે છે?' પેલાએ જણાવ્યું કે, 'ગ્વાલિયરમાં બિરાજે છે.' ઉમેદચંદ તે શ્રાવક સાથે ગ્વાલિયર પહોંચ્યા પરંતુ તેમના ભાઈને ખબર પડતાં તેમને ગ્વાલિયરથી પાછા લઈ આવ્યા. પરંતુ ઊડવા ઇચ્છતા પંખીને કોણ રોકી શકે? સંસાર છોડવા તત્પર થયેલા મુમુક્ષુને કોણ બાંધી શકે? કુટુંબીજનોને સમજાવીને દૂર-સુદૂર પંજાબની ભૂમિમાં આવ્યા. નારોવાલ ગામમાં પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની વાણીએ જાદૂ કર્યો. સં. ૧૯૬૫માં પૂ. આ. શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે દીક્ષા લઈ, પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનું પ્રથમ શિષ્યત્વ સ્વીકારવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું અને મુનિશ્રી ગંભીરવિજયજીના ગૌરવવંતા નામથી જાહેર થયા.

પૂ. દાદાગુરુશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ બીકાનેર તરફ વિહાર કરવાના હતા, એ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org